ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૩-૨૪માં
રૂ. ૭૯૪.૩૧ લાખની જોગવાઈ પૈકી સંપૂર્ણ રકમ એક જ હપ્તા
પેટે રૂ. ૭૯૪.૩૧ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/GSC/e-file/17/2022/0007/J Section

સચિવાલય, ગાંધીનગર.

તા: ૧૮/૧૧/૨૦૨૩

**વંચાણમાં લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/2945/B

(૨) નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૦/૦૭/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: અજાક/મ-૧/નિગમ/૨૦૨૩-૨૪/૩૨૪૭

**આમુખ:**

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ: ૨૦૨૩-૨૪ માં રૂ. ૭૯૪.૩૧ લાખની વહીવટી ગ્રાન્ટની બજેટ જોગવાઈ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના બજેટ શાખાના ઠરાવથી રૂ. ૧૦૦.૦૦ કરોડથી ઓછી રકમની યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં સદરહું નિગમ માટે રૂ. ૭૯૪.૩૧ લાખ ફાળવી આપવાની બાબતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરે નિગમ માટે થયેલ બજેટ જોગવાઈ પૈકી સંપૂર્ણ રકમ એક જ હપ્તા પેટે ફાળવી આપવા ભલામણ કરેલ છે.

**ઠરાવ:-**

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ની ઉક્ત દરખાસ્ત અન્વયે વર્ષ ૨૦૨૩-૨૪ માં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ. ૭૯૪.૩૧ લાખની બજેટ જોગવાઈ પૈકી સંપૂર્ણ રકમ રૂ. ૭૯૪.૩૧ લાખ એક જ હપ્તા પેટે નિગમના હવાલે નીચે મુજબની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

**(૧)** સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

**(૨)** જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે. તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

**(૩)** આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

**(૪)** વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

**(૫)** હવે પછીની ગ્રાન્ટ છૂટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં જે-તે માસના અગાઉના માસ સુધીનું ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજૂ કરવાનું રહેશે.

ઉક્ત શરતો ઉપરાંત વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૮/૦૪/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/2945/B ની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ: ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ,પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-૦૧ SCW-13 (BCK-40) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૦૬/૧૧/૨૦૨૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા) ના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી(આર્થિક બાબતો) નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય,ગાંધીનગર.
5. નાણા સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
6. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
8. નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
10. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
12. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ)